# ઘરફોડ ચોરી કરનાર બે ઈસમોને ચોરીમાં ગયેલ તમામ મુદામાલ સાથે ઝડપી પાડી બે ગુન્હાઓનો ભેદ ઉકેલતી ચોકબજાર પો.સ્ટે. સ્ટાફની ટીમ.

ચોકબજાર પો.સ્ટે.પાર્ટ એ-૧૧૨૧૦૦૧૨૨૧૦૬૪૦/૨૦૨૧ ઈ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તથા ચોકબજાર પો.સ્ટે. પાર્ટ એ-૧૧૨૧૦૦૧૨૨૧૦૬૪૧/૨૦૨૧ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબના ગુનાઓ અંતર્ગત સુરત શહેર ચોકબજાર પોલીસ સ્ટેશનના પોલીસ માણસો પોતાના વિસ્તારમા મિલકત સંબંધી અપડત ગુન્હાઓ શોધી કાઢવા સારૂ તથા ચોરી કરતા આરોપીઓને પકડી પાડવા સારૂ સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અ.પો.કો. વિજયસીંહ દેહાભાઈ તથા અ.પો.કો. પરાક્રમસીંહ સુખદેવસીંહ નાઓએ બાતમી આધારે આરોપી (૧) ડેનીશ ભુપતભાઇ ઘોઘારી ઉ.વ. ૧૯ ધંધો:-બેકાર રહે. હાલ રહે. જીલાની બ્રિજની નીચે વેડ દરવાજા પાસે, સુરત તથા ઘર નં.૧૦૭, વૃક્ષમણી સોસાયટી બાપા સીતારામ ચોક લલીતા ચોકડી કતારગામ, સુરત. મુળ વતન-વાવેરા તા. રાજુલા અમરેલી તથા (૨) કાલુ S/O પેટ્ટુ પાલ ઉ.વ. ૨૦ રહે.સૈયદપુરા માર્કેટમાં રાણી તળાવ પોલીસ ચોકી પાસે લાલગેટ, સુરત. મુળગામ: લલોવતી જી.કાનપુર (યુ.પી.) નાઓને ચોરી કરેલ રોકડા રૂપિયા તથા તાંબાના પાઈપ તથા કોપરના વાયરો સાથે પકડી પાડી ઉપરોકત ગુનાનો ભેદ ઉકેલી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

આરોપીઓનો ગુન્હાહીત ઈતિહાસ:-આરોપી-ડેનિશ:-(૧) ચોકબજાર પો.સ્ટે. I ગુ.ર.નં.૧૪૫/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૯૨, ૩૯૭, ૩૯૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ (૨) કતારગામ પો.સ્ટે. પાર્ટ એ-૧૧૨૧૦૦૨૧૨૦૦૦૦૩/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૦૭, ૫૦૪ મુજબ. (૩) ચોકબજાર પો.સ્ટે. પાર્ટ એ-૧૧૨૧૦૦૧૨૨૦૦૭૯૨/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૩૮૦, ૪૧૧, ૧૧૪ મુજબ. આરોપી- કાલુ પાલ :-(૧) ચોકબજાર પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૬૧/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.